# ૨ તમારો મત આપો

## ચાલો, ગાઈએ ગીતડું :

વાત કહું ભૈ! વાત કહું,
સરસ મજાની વાત કહું.
એક હતો અલબેલો,
લોકો એને કહેતા ઘેલો.
નાક જુઓ તો લાંબુંલચ,
લાંબું લાંબું લાં...બુંલચ.
નાક મઝાની ડાળ ગણી,
પંખી બેઠાં ટોળે વળી.
કાબર આવી, ચકલી આવી;
કોયલ આવી ને ટહુકી,
કાગડો બેઠો આવી ત્યાં.
કૂકડો કરે કૂઊઊક રે કૂઊઊક
આવી અલબેલાને છીંક,
હા... ક્... છીં... ઈં... ઈં...;
પંખીઓને લાગી બીક,
બીક લાગી ને ઊડ્યાં દૂર,
ફુરૂર ફુરૂર ભૈ! ફુરર ફુરર.

- મોહનલાલ શં. પટેલ

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## કોણ કોની નકલ કરે છે?

- *વિદ્યાર્થીઓનાં બે જૂથ પાડો. એક જૂથ વર્ગમાં બેસે. બીજું જૂથ વર્ગ બહાર રહેશે. બહાર રહેલા જૂથના વિદ્યાર્થીઓ ચાર ચારનાં નાનાં જૂથ બનાવશે. આ નાનાં જૂથનો દરેક વિદ્યાર્થી અન્ય ત્રણમાંથી કોઈ એકની જેમ બોલવા/ચાલવા/લખવા/હસવા/રડવાનો અભિનય કરશે. વર્ગમાં બેઠેલું જૂથ તેણે કોનો અભિનય કર્યો તે ઓળખશે.*
- *તમારા વર્ગના કોઈ એક વિદ્યાર્થીનું નામ મનમાં વિચારો/નોટમાં લખો. પછી તેની સ્ટાઈલથી આ વાર્તામાંથી આઠ-દસ વાક્યો વાંચો. વર્ગના વિદ્યાર્થીઓને પૂછો : 'મેં કોની જેમ વાંચ્યું?'*

## વાર્તા સાંભળો - વાંચો.

### પંખીની પહેલી મહાસભા

ઝાડ અને ટેકરાઓ પાછળથી સૂરજ દેખાયો. પક્ષીઓ સૂરજદેવનાં દર્શન કરી મહાસભાના સ્થાનમાં આવ્યાં. બરાબરની ભીડ જામી હતી; મંડપ ચિક્કાર ભરાયો હતો; શાંતિ અને વ્યવસ્થા વખાણવા લાયક હતાં.

પ્રમુખની દરખાસ્ત મૂકતાં કાકાકૌઆએ ગંભીર વાણીથી કહ્યું.

''એકત્ર થયેલાં પક્ષીબ્રધર્સ અને પક્ષીસિસ્ટર્સ! હું આપણી સભાના પ્રમુખપદ



માટેની દરખાસ્ત મૂકવા ઊભો થયો છું. પ્રમુખ માટે સૌથી યોગ્ય ગરુડરાજ લાગે છે; કોઈ એનાથી અજાણ નથી. પ્રાચીન કાળથી તેમના દાદાઓનું નામ જાણીતું છે. એને એકને જ વિષ્ણુ ભગવાનના વાહન થવાનું માન મળેલ છે. તેમણે ઊંચી પર્વત-ટોચથી અહીં આવી આપણી સભા શોભાવી છે, તે માટે ખરેખર આપણે તેમનો આભાર માનવો ઘટે છે.

લાલ લોહી જેવી લટકતી ઝાલર હલાવતાં ટર્કીએ ઊભા થઈ કહ્યું : ''ભાઈ કાકાકૌઆના મતને હું ટેકો આપું છું.''

'કુ...કુ' ને 'કો કો' તથા 'કુરુડ કુરુડ'ને 'ટાંઉ... ટાંઉ'ના અવાજ સાથે દરખાસ્ત મંજૂર થઈ.

ચટકમટક ચાલે ચાલતો લીલો પોપટ ઊભો થયો. કાળી કાંઠલાવાળી ગરદન હલાવી તેણે ઉપપ્રમુખની દરખાસ્ત મૂકતાં કહ્યું :

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

‘‘સભામાં પધારેલાં ભાઈઓ ને બહેનો! મને ઉપપ્રમુખની દરખાસ્ત મૂકવાની આપે જે તક આપી છે તે માટે આપનો આભારી છું. બહુ થોડા શબ્દોમાં હું તેમની ઓળખાણ કરાવીશ.

શાહમૃગનું મૂળ રહેઠાણ આફ્રિકા છે. એમનું સુંદર રૂપ જોઈ આપ ખરેખર ખુશ થયાં જ હશો. એમનાં પીંછાં એટલાં તો સુંદર છે કે ઈંગ્લૅન્ડના રાજા પણ એને પોતાની ટોપીમાં ખોસે છે. એમનાં ઈંડાં પવિત્ર ગણાય છે. મુસલમાનો તેને પીરની જગાઓમાં ટાંગે છે. એકેક ઈંડું મોટા ચીભડા જેવડું થાય છે. એમનાં લાંબા ગળામાંથી ગમે તે ચીજ ઝટ પસાર થઈ જાય છે. સાહેબ દોડવામાં ઘણા હોશિયાર ગણાય છે. ખરેખર, ઉપપ્રમુખ થવાને તેઓ બરાબર લાયક છે.’’

શાહમૃગ ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા, એટલે સભાનું કામકાજ આગળ ચાલ્યું.

ઘૂ ઘૂ કરતાં કબૂતરભાઈએ દરખાસ્ત મૂકી : ‘‘ખરેખર આપણને એક બાહોશ નિશાનબાજની જરૂર છે. હું ધારું છું કે બાજ એ કામને માટે પૂરેપૂરો લાયક છે. તેઓ નિશાનબાજ છે; માટે જ શિકારી લોકો તેમને પાળી તેની પાસે બીજાં પક્ષીઓનો શિકાર કરાવે છે. અમોને ખાતરી છે કે હવેથી તેઓ અમારા જેવા ગરીબ ભાઈઓને શિકારીઓથી બચાવશે.’’

‘ચીં... ચીં...’, ‘ટુ... ટુ...’, ‘કુઉઉ... કુઉઉ...’ના પોકારો સાથે કબૂતરની દરખાસ્ત સૌએ સ્વીકારી.

કાગડાના ટોળામાંથી એક મોટો કાગડો ભાષણ કરવા ઊભો થયો. તેણે કહ્યું : ‘‘મારી કાળાં પીંછાંવાળી કોમના પ્રતિનિધિ તરીકે ભાષણ કરવા હું ઊભો થયો છું. અમારી કોમે શહેર સુધરાઈનું સુંદર કામ કર્યું છે. અમારી આખી કોમે માણસજાતની ગંદકી ને એંઠવાડ દૂર કરવા જે મહેનત ઉઠાવી છે, તેવી મહેનત દુનિયાના કોઈ સુધરાઈ ખાતાએ નહિ ઉઠાવી હોય. જો અમારું કામ એક જ દિવસ બંધ રાખીએ તો માનવજાત માંદી પડી મરી જાય. આખા ગામમાં ભારેમાં ભારે રોગ થાય. ચારેકોર દુઃખ દુઃખ થઈ પડે.’’

‘‘અમારી કોમના નારીમંડળ તરફથી હું એક બીજી વાત રજૂ કરું છું. પણે બેઠેલી કોયલબાનુઓ અમારી કાગડીબાઈઓને હેરાન કરે છે. તેઓ અમારા માળામાં પેસી જઈ પોતાનાં ઈંડાં અમારાં ઈંડાં ભેગાં મૂકી નાસી જાય છે, ને અમારી ભોળી કાગડીબાઈઓ લુચ્ચીનાં ઈંડાં સેવી હેરાન થાય છે. આ બાબતમાં કોઈ ઠરાવ થવાની જરૂર છે.’’ કાગડાની દરખાસ્ત ઉપર પાછળથી વિચાર કરવાનું ઠરાવી કામ આગળ ચાલ્યું.

કાબરે પક્ષીની જાતમાં પ્રેમનો ગુણ વિકસે એટલા માટે કબૂતર અને સારસની વાતો કરી.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સૌ પક્ષીઓએ તેમના જેવા પ્રેમી થવું એવી દરખાસ્ત મૂકી તે બોલી :

"સારસ - સારસી જરા પણ છૂટાં રહી શકતાં નથી; બધો વખત સાથે જ રહે છે. એવો એમનો પ્રેમ છે. બેમાંથી એક મરી જાય તો બીજું ઝૂરીઝૂરીને મરી જાય છે. એવો પ્રેમ તો અક્કલવાળા માણસોમાં પણ જોવા નથી મળતો."

બધાં પક્ષીઓએ કાબરબાઈને આનંદથી વધાવી લીધાં.

છેવટના ઠરાવમાં ઘુવડને રાતનું ચોકીદાર નીમવામાં આવ્યું.

સૌ ખુશ થયાં.

મહાસભાનું કામ પૂરું થયું.

- ગિજુભાઈ બધેકા

(પશુપક્ષી ગ્રન્થમાળામાંથી)

## વાતચીત :

- વાર્તામાં તમને સૌથી વધુ મજા ક્યારે આવી?
- આ મહાસભામાં તમને જવા મળે તો તમે શું શું કહો?
- મોર જો પોતાની રજૂઆત કરે તો તે શું કહી શકે?
- તમને ગમતા કોઈ એક પક્ષીની વિશેષતા કહો.
- પક્ષીઓને મદદરૂપ થવા તમે શું શું કરો છો?
- શાળામાં તમને કયા કામની ટુકડીના નેતા બનવું ગમે? કેમ?
- વર્ગ મૉનિટર માટે તમે કોની ભલામણ કરો? કેમ?
- તમારા વર્ગની સભા ભરાય તો પ્રમુખ કોને બનાવશો? કેમ?
- બાળકોની મહાસભામાં કયા કયા પ્રશ્નોની ચર્ચા કરશો?
- શિક્ષકો મિટિંગ કરે ત્યારે કઈ કઈ વાતો કરતાં હશે?
- અવાજ કરો : (૧) મોરની જેમ (૨) કોયલની જેમ (૩) કાગડાની જેમ

## મને ઓળખો. જોડીમાં કામ કરો.

૧. ઘણા જૂના સમયથી અમારી પેઢીઓનું નામ પ્રસિદ્ધ છે. : ગરુડ

૨. ભગવાન અમારા પર સવારી કરે છે, તેથી લોકો અમારો આદર કરે છે. : ________

૩. અમે આમ તો આફ્રિકાના, પણ ભારતમાંય અમારી વસ્તી ખરી. : ________

૪. અમે શિકાર કરવામાં હોશિયાર છીએ. : ________

૫. ખાવાપીવાથી થતો ગંદવાડ હટાવવા માટે અમે સતત કામ કરીએ છીએ.: ________

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૬. અમે અમારાં ઈંડાં કોઈ બીજા પક્ષીના માળામાં મૂકી આવીએ છીએ. : ______________

૭. અમે હંમેશાં જોડે જ હોઈએ. : ______________

⬡ **શિક્ષક એક પછી એક વાક્ય વાંચી સંભળાવશે. જો વાક્ય સાચું હોય તો 'હાજી રે હાજી' અને ખોટું હોય તો 'નાજી રે નાજી' બોલો.**

૧. મહાસભાની શાંતિ અને વ્યવસ્થા ખૂબ સરસ હતાં.
૨. મહાસભામાં સૌથી પહેલું કામ ઉપપ્રમુખ નક્કી કરવાનું થાય છે.
૩. શાહમૃગને આવડત અને ગુણને કારણે ઉપપ્રમુખ બનાવવામાં આવ્યું.
૪. નિશાનબાજ બનવા માટે ગીધ, બાજ અને કાગડો સ્પર્ધામાં ઊતર્યાં.
૫. પોતાના સમૂહની વાત કાગડીઓએ રજૂ કરી.
૬. કબૂતરની રજૂઆતનો સૌએ અસ્વીકાર કર્યો.
૭. કાગડાની કાબર વિશેની ફરિયાદનો ઉકેલ લાવવા ચર્ચા કરવામાં આવી.
૮. મહાસભામાં ફક્ત એક જ કામ થયું-ઘુવડને ચોકીદાર બનાવવાનું.
૯. સારસ-સારસી જેવો પ્રેમ માણસોમાં પણ હોતો નથી એ વાત બધાં પક્ષીઓને ગમી.

⬡ **આપેલા શબ્દ માટેનાં વાક્યો વાંચો. તે પરથી મૂળ શબ્દનો ઉપયોગ કરી નવું વાક્ય બનાવો. જોડીમાં કામ કરો.**

- **ભીડ : ગિરદી**

૧. મહાસભાના સ્થાનમાં બરાબરની ભીડ જામી હતી.
૨. સેલનો લાભ લેવા મૉલમાં લોકોની ભીડ ઊમટી પડી.
૩. ______________

- **યોગ્ય : લાયક**

૧. પ્રમુખ માટે સૌથી યોગ્ય ગરુડરાજ લાગે છે.
૨. ચૂંટણીમાં યોગ્ય ઉમેદવારને જ મત આપવો જોઈએ.
૩. ______________

- **તક : મોકો, અવસર**

૧. પોપટે ઉપપ્રમુખની દરખાસ્ત મૂકવાની તક લીધી.
૨. જો ઘરમાં કોઈ હાજર ન હોય તો હું ફ્રીઝમાં પડેલો આઇસક્રીમ ખાઈ જ જાઉં. આવી તક થોડી ગુમાવાય!
૩. ______________



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **રહેઠાણ : રહેવાનું સ્થાન, મકાન**

૧. શાહમૃગનું મૂળ રહેઠાણ આફ્રિકા છે.

૨. ગીરનું જંગલ એટલે સિંહોનું રહેઠાણ.

૩. ____________________

- **ગુણ : સારું લક્ષણ**

૧. કાબરે પક્ષીજાતમાં પ્રેમનો ગુણ વિકસાવવા સારસ પક્ષીની વાત કરી.

૨. દાન આપવાના ગુણને કારણે જ કર્ણ દાનવીર કહેવાય છે.

૩. ____________________

- **ચાલો, ગાઈએ ગીતડું : વાત કહું ભૈ! વાત કહું...**

**સાચા અર્થવાળા વાક્ય સામે ✓ કરો.**

**૧. કબૂતરે નિશાનબાજના પદ માટે બાજનું નામ કહ્યું કારણ કે...**

(અ) પક્ષીઓનો શિકાર કરવામાં બાજ શિકારીને મદદ કરે છે.

(બ) કબૂતરને લાગે છે કે બાજ જો શિકારીને મદદ ના કરે તો પોતે અને બીજાં પક્ષી બચી જાય.

(ક) બાજ પક્ષીઓનો શિકાર કરતો નથી.

**૨. કાગડાના ભાષણથી મહાસભા પર શી અસર થઈ?**

(અ) બધાં પક્ષીઓએ કાગડાની મહેનતનાં વખાણ કર્યાં.

(બ) બધાં પક્ષીઓએ સ્વીકાર્યું કે કાગડા વગર માણસો જીવી જ ન શકે.

(ક) પક્ષીઓએ કાગડાની વાત પર ખાસ ધ્યાન આપ્યું નહીં.

**૩. કાગડાને કયો ઠરાવ થવાની જરૂર જણાઈ?**

(અ) કોયલડીઓ કાગડીઓને હેરાન કરે નહિ તે માટે મહાસભા કોઈ પગલાં લે.

(બ) માણસો જ્યાં ત્યાં ગંદકી કરે નહિ.

(ક) કાગડીઓની હેરાનગતિ તાત્કાલિક બંધ કરવામાં આવે.

**૪. કાબરે સારસ-સારસીના પ્રેમનાં વખાણ કર્યાં કારણ કે...**

(અ) સારસ-સારસી કાબરના ખાસ મિત્ર છે.

(બ) પક્ષીઓમાં પ્રેમભાવ વધે.

(ક) બધાં પંખીઓ પ્રેમથી સંપીને રહે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**નીચેનાં વાક્યો જેવો જ અર્થ નીકળે તેવાં વાક્યો વાર્તામાંથી શોધીને લખો.**

**ઉદા. સભાપતિ તરીકે વિષ્ણુ ભગવાનના વાહન એવા પક્ષીની પસંદગી કરવી યોગ્ય રહેશે.**

**જવાબ : પ્રમુખ માટે સૌથી યોગ્ય ગરુડરાજ લાગે છે.**

૧. કાકાકૌઆ જે માને છે તે હું પણ માનું છું.

________________________________

૨. શાહમૃગનો સુંદર દેખાવ તમને આનંદ આપતો જ હશે.

________________________________

૩. પક્ષીજૂથ પાસે કોઈ બરાબર નિશાન તાકનાર હોય તો સારું.

________________________________

૪. અમે કામ ન કરીએ તો માણસો બીમાર થઈ મૃત્યુ પામે.

________________________________

૫. અમારી નાતના સ્ત્રીસમૂહ વતીથી એક વાત કહું છું.

________________________________

૬. તેઓ એકબીજા વિના જીવી જ ન શકે.

________________________________

**જૂથમાં બેસો. ઉદાહરણ મુજબ પક્ષીઓ વિશે ટૂંકમાં લખો.**

(મુદ્દા : રંગ, કદ, અવાજ, ક્યાં રહે?, શું ખાય?)

| ઉદાહરણનું શ્રુતલેખન કરાવો. |
|---|

**મોર :** અહાહા! અમે ભારતનું રાષ્ટ્રીય પક્ષી અમસ્તાં નથી! અમારાં રંગભર્યાં પીંછાં તો બધાંયને ગમે. કલગી અમારો મુગટ. અમારાં પીંછાંથી ભગવાન શ્રી કૃષ્ણનો મુગટ શોભી ઊઠે. વિદ્યાદેવી માતા સરસ્વતી અને ભગવાન કાર્તિકેયનું અમે વાહન પણ ખરા. અનાજના દાણા, જીવડાં અને સાપ જેવાં સરિસૃપ અમારો ખોરાક. અમારું વજન આશરે ચારથી છ કિલોની આસપાસ છે, એટલે બહુ દૂર કે ખૂબ ઊંચે અમે ઊડી શકતાં નથી. અમને તમારી સાથે રહેવું ગમે. માનવવસ્તીની નજીક રહીએ, 'ટેહુક ટેહુક' બોલીએ ને મજા કરીએ.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૧. કૂકડો    ૨. કોયલ    ૩. શાહમૃગ

**તમને કયું પક્ષી થવું ગમે ? તમે એ પક્ષી હો તો શું શું કરો?**

- **ચાલો, ગાઈએ ગીતડું : વાત કહું ભૈ! વાત કહું...**

**બે-ત્રણ વાક્યમાં જવાબ લખો.**

૧. બધાં પક્ષીઓ શા માટે એકઠાં થયાં હતાં?
૨. ઉપપ્રમુખ તરીકે કોની પસંદગી થઈ? શા માટે?
૩. શિકારીઓ બાજને શા માટે પાળે છે?
૪. માણસજાતને કાગડાઓ શી રીતે ઉપયોગી છે?
૫. માણસોએ સારસ પક્ષીઓ પાસેથી શું શીખવા જેવું છે?
૬. ઘુવડને રાતના ચોકીદાર તરીકે કેમ નીમ્યું હશે?

**પાંચ વખત ઊંડા શ્વાસોચ્છ્વાસ કરો. ત્યારબાદ નીચેનાં પક્ષીઓએ કરેલી રજૂઆત વિશે બે-ત્રણ વાક્યો લખો.**

૧. કબૂતરે કહ્યું કે પક્ષીઓ માટે... ______________________

______________________

______________________

૨. કાગડો : ______________________

______________________

______________________

૩. કાબર : ______________________

______________________

______________________

**નીચેનો ફકરો વાંચો.**

સૂર્યદીપ સોસાયટીની સભા મળી હતી. સૌની રજૂઆતો અને પ્રશ્નોની ચર્ચા થવાની હતી. બધાં આવી ગયાં હતાં.

મોન્ટીભાઈએ સોસાયટીના અધ્યક્ષની દરખાસ્ત મૂકતાં કહ્યું, ‘‘અધ્યક્ષ તરીકે

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

હું મંગલેશભાઈનું નામ સૂચવું છું. તેઓ હમણાં જ છેક અમેરિકાથી ઘણું શીખીને આવ્યા છે માટે અધ્યક્ષ તરીકે તેમની નિમણૂક કરવી યોગ્ય રહેશે.''

ધીમેથી પોતાની જગ્યા પર ઊભા થઈ તરડાતા અવાજે પશાકાકાએ કહ્યું, ''ભાઈ મોન્ટીભાઈની વાત સાથે હું સંમત છું.'' તાળીઓના ગડગડાટ સાથે સૌએ વાતને વધાવી લીધી.

પિન્ટુભાઈએ માથાની હેટ હાથમાં લઈ ડોક ઝાટકી વાળ પાછળ કરતાં કહ્યું, ''સંતોષભાઈ આમ તો કચ્છના રહેવાસી. એમના ઘરની શોભા ઘણી સારી છે. સાહેબ તહેવારોના શોખીન પણ છે. ઉપાધ્યક્ષ માટે તો તેઓ જ બરાબર રહેશે.''

સ્વચ્છતાના આગ્રહી એવાં સુરભિબહેન સૌ વતી બોલવા ઊભાં થયાં. તેમણે કહ્યું, ''આપણે ત્યાં પાણીનો ખૂબ બગાડ થાય છે. ટાંકી છલકાય તો પણ કોઈ બંધ કરતું નથી. આખી સોસાયટીનું પાણી અમારા ચાર ઘર આગળ ભરાય છે અને અમારે સાફ કરવાનું થાય છે. સોસાયટીની સ્વચ્છતા જળવાય તે માટે બધા સહકાર આપે તેવું કંઈક નક્કી થવું જોઈએ.''

પાણીની ટાંકી પાસે રહેતાં ખુશબૂબહેને કહ્યું, ''અમારે તો બધાં સાથે સારું બને છે. પૂછો અમારા પડોશીઓને.''

રાતના ચોકીદારને સોસાયટીના ગેટની ચાવી આપવાની જવાબદારી સુબોધભાઈને સોંપી ચા-નાસ્તો કરી સૌ છૂટાં પડ્યાં.

- **ફકરાનાં અને વાર્તાનાં પાત્રોને તેમની કામગીરી અને ગુણના આધારે સરખાવો.**

| કામગીરી | ફકરામાં | વાર્તામાં |
|---|---|---|
| પ્રમુખ | મંગલેશભાઈ | ગરુડરાજ |
| | | |
| | | |
| | | |



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વાક્યો વાંચો અને સમજો. જો કોઈ કામ કરવા આદેશ કર્યો હોય તો 'હાજી' અને જો કોઈ કામ માટે મદદ માંગી હોય તો 'okay' બોલો.

૧. ટેકરાઓની પાછળ સૂરજ જુઓ.
૨. નાનાં પંખીઓએ આગળ અને મોટાં પંખીઓએ પાછળ બેસવું.
૩. મહાસભાના સ્થાન આગળ ભીડ ઓછી કરો ને.
૪. મંડપની અંદર શાંતિ અને વ્યવસ્થા જાળવવાનાં રહેશે.
૫. ગરુડરાજને ઊંચા આસન ઉપર બેસાડો.
૬. હોલાભાઈ, પ્લીઝ ઝાડની ડાળી પરથી નીચે આવો.
૭. પહેલાં મારી વાત સાંભળશો?
૮. કોયલ જો કાગડીબાઈઓને હેરાન કરશે તો એમને જંગલ બહાર કરવામાં આવશે.
૯. અત્યારે મંડપમાંથી કોઈએ બહાર જવું નહિ.
૧૦. મહાસભા પતે પછી ચણ ચણીને જ જવું.

- ચાલો, ગાઈએ ગીતડું : વાત કહું ભૈ! વાત કહું...

જૂથમાં વહેંચાઈ જાઓ. વાર્તા પરથી દરેક જૂથ નાટક કરશે. વર્ગ અથવા શાળા સમક્ષ રજૂઆત કરો.

સંવાદ મોટેથી વાંચો અને ભજવો :

નિત્યા : તને ખબર છે, ચાતક એટલે શું?
કવન : ના, એ શું હોય?
નિત્યા : ચાતક એક પક્ષી છે.
કવન : ઓહ! એ કેવું દેખાય?
નિત્યા : કાબર જેવું.
કવન : તો એ કાબર છે કે ચાતક, એ કેવી રીતે ખબર પડે?
નિત્યા : તેની પૂંછડી કાબરની પૂંછડી કરતાં લાંબી હોય છે.
કવન : ફક્ત પૂંછડી જ જુદી હોય છે?
નિત્યા : ના, તેના માથા પર ચોટલી હોય છે.
કવન : અરે, વાહ!
નિત્યા : કહે છે કે તે વરસાદનાં ટીપાં સીધાં ઝીલીને પીએ છે. પણ મેં તો તેને બીજાં પક્ષીની જેમ જ પાણી પીતાં જોયું છે.
કવન : અરે! એમ વાત છે!

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## સાંભળો, ઝીલો અને ગાઓ.





### લોટો : નાનો કે મોટો?

તું નાનો, હું મોટો
એવો ખ્યાલ જગતનો ખોટો;
આ નાનો, આ મોટો-
એવો મૂરખ કરતા ગોટો.
ખારા જળનો દરિયો ભરિયો,
મીઠા જળનો લોટો;
તરસ્યાને તો દરિયાથીયે
લોટો લાગે મોટો.
નાના છોડે મહેંકી ઊઠે
કેવો ગુલાબગોટો!
ઊંચા-ઊંચા ઝાડે તમને
જડશે એનો જોટો?
મન નાનું તે નાનો,
જેનું મન મોટું તે મોટો.

- પ્રેમશંકર ભટ્ટ



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ● વાતચીત :

- તમારા ઘરમાં તમારાથી નાનું કોણ કોણ અને મોટું કોણ કોણ છે?
- તમે મોટેરાંઓનાં કયાં કયાં કામ કરો છો?
- તેમાંથી કયાં કામ કરવાં તમને ગમે છે? કયાં કામ નથી ગમતાં?
- તમને કયાં કયાં કામ કરવાની શાબાશી મળે છે?
- સુગંધ આપતાં ફૂલોનાં નામ કહો.
- તમને ફૂલછોડ શાથી ગમે છે?
- ફૂલનો ઉપયોગ ક્યાં ક્યાં થાય છે?
- ગુલાબની જેમ મહેંક આપતાં કયા ફૂલછોડ તમે બાગમાં રોપશો?
- નાના છોડ કે વેલા પર થતાં મોટાં મોટાં ફળ-શાકભાજીનાં નામ કહો.
- મોટા વૃક્ષ પર થતાં નાનાં ફળનાં નામ કહો.
- નાનાં નાનાં જીવજંતુ, પ્રાણી, પક્ષી આપણને કેવી રીતે મદદગાર થતાં હોય છે?

## વાક્યો વાંચો અને સમજો. તેના આધારે ખાલી જગ્યા પૂરો.

(એક-જોટો, મીઠું-ખારું, સાચો-ખોટો, નાનો-મોટો)

૧. નરેશ પાંચમાં ધોરણમાં ભણે છે. મહેશ પહેલા ધોરણમાં ભણે છે.
   - નરેશ મહેશથી ____________ છે. ● મહેશ નરેશથી ____________ છે.

૨. દિયાએ ધાબા પરથી છલાંગ લગાવવાનું વિચાર્યું. હેત્વીએ સીડીએથી નીચે ઊતરવાનું વિચાર્યું.
   - દિયાનો વિચાર ____________ છે. ● હેત્વીનો વિચાર ____________ છે.

૩. નેહાએ શરબતમાં ખાંડ વધારે નાખી. મેઘનાએ શરબતમાં મીઠું વધારે નાખ્યું.
   - નેહાનું શરબત મેઘનાના શરબત કરતાં ____________ છે.
   - મેઘનાનું શરબત નેહાના શરબત કરતાં ____________ છે.

૪. પાર્થે ફક્ત શર્ટ ખરીદ્યો. પ્રિન્સે શર્ટ-પેન્ટ ખરીદ્યાં.
   - પ્રિન્સે શર્ટ-પેન્ટનો ____________ લીધો. ● પાર્થે ____________ જ કપડું ખરીદ્યું.

## પંક્તિના નજીકના અર્થ સામે ✓ કરો. જોડીમાં કામ કરો.

**૧. એવો મૂરખ કરતાં ગોટો**

(અ) ન સમજતા લોકો ગોટાળા જેવા હોય છે.

(બ) ઓછી બુદ્ધિવાળાં લોકો એવી ભૂલ કરે છે.

(ક) એવા મૂરખ લોકોનો ગોટો કરી દેવો જોઈએ.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૨. **તરસ્યાને તો દરિયાથીયે લોટો લાગે મોટો**

(અ) તરસ લાગે એટલે લોટા વડે દરિયાનું પાણી પી લેવું.

(બ) તરસ લાગે ત્યારે મોટા દરિયાનું પાણી પી શકાતું નથી.

(ક) તરસ લાગે ત્યારે દરિયાના પાણી કરતા લોટાનું મીઠું પાણી વધુ ઉપયોગી બને.

## વાક્ય સાચું હોય તો ☺ પર ✓ કરો અને ખોટું હોય તો ☹ પર ✓ કરો.

૧. નાનાં-મોટાંનો જગતનો ખ્યાલ સાચો છે. ☺ ☹

૨. નાનો-મોટો એવો ગોટાળો હોશિયાર કરે છે. ☺ ☹

૩. તરસ્યાને દરિયાના પાણીથી ભરેલો લોટો મોટો લાગે છે. ☺ ☹

૪. નાના છોડ પર ગુલાબગોટો મહેંકી ઊઠે છે. ☺ ☹

૫. જેનું મન મોટું તે નાનો. ☺ ☹

## આ કામ કરવા જે વસ્તુ ઉપયોગી થાય તેની સામે ✓ કરો.

૧. શાકભાજી સમારવા માટે

( ) દાતરડું ( ) ચપ્પું

૨. સૂવા માટે

( ) ઢાળિયું ( ) પલંગ

૩. માળામાં મોતી પરોવવા

( ) સોય ( ) તલવાર

૪. જમવા માટે

( ) રકાબી ( ) થાળી

૫. પાણી પીવા માટે

( ) કુંજો ( ) પ્યાલો

૬. તાળું ખોલવા માટે

( ) ચાવી ( ) હથોડી

૭. લાકડું કાપવા માટે

( ) દાતરડું ( ) કરવત

૮. છાંયડા માટે

( ) વૃક્ષ ( ) છોડ

૯. ખેતરની પરિમિતિ માપવા માટે

( ) વેંત ( ) મેજરટેપ

૧૦. આખી દુનિયામાં પ્રકાશ ફેલાવવા માટે

( ) સૂરજ ( ) બલ્બ



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **ચાલો, ગાઈએ ગીતડું : વાત કહું ભૈ! વાત કહું...**

**બે મિનિટ માટે આંખ બંધ કરી સ્થિર બેસો. તે પછી જવાબ લખો.**

૧. કયો ખ્યાલ ખોટો ગણાય છે?

૨. મૂરખ લોકો શો ગોટાળો કરે છે?

૩. તરસ્યા માણસને શું મોટું લાગે છે? શા માટે?

૪. મહેંકી ઊઠવું એટલે શું?

૫. તમે કેવા માણસને મોટો માણસ કહેશો?

**કૌંસમાં આપેલા શબ્દ કે ચિત્ર અનુસાર લહેકો કરી બોલો. વિદ્યાર્થીઓ પાસે બોલાવડાવો.**

૧. લાવ, તારી નોટ બતાવ તો! (આજ્ઞા)

૨. ડબ્બામાંથી એક લાડુ કાઢી આપોને. (મદદ)

૩. બે શબ્દો વચ્ચે જગ્યા રાખીને લખવું. (સૂચના)

૪. આ ગીતડું ગાઈ સંભળાવશો? (મદદ)

૫. દર્શન, અત્યારે જ બજારમાં જઈ ગોલુ માટે આઈસક્રીમ લઈ આવ.

૬. થોભો, રાહ જુઓ, પછી આગળ વધો. (સૂચના)

૭. વાતમાં વચ્ચે ન બોલ.

૮. મને ઉપરથી કેરી તોડી આપોને.

૯. સૌએ નીચે જોઈને ચાલવાનું છે.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**જૂથમાં બેસો. વાક્યો મોટેથી વાંચો. દરેક વાક્ય સામે**   **કે**  **દોરો.**

**ઉદા. દફતર ઠેકાણે મૂકવા માટે**

 મૂકલા, સાંભળે છે...? શાળાએથી આવી દફતર ઠેકાણે મૂકી દેવાનું.

 મૂકેશ, શાળાએથી આવીને દફતર ઠેકાણે મૂકવું.

 મૂકેશ, આજે તો તારું દફતર ઠેકાણે મૂકી દે.

**૧. કપડાં સ્વચ્છ રાખવા માટે**

- [ ] ક્યાં આળોટે છે! હવેથી કપડાં મેલાં કરીને આવવાનું નથી.
- [ ] જો હવે તું કપડાં ન બગડે તે ધ્યાન રાખીશ ને!
- [ ] જો બેટા, કપડાં મેલાં ન થાય તેનું ધ્યાન રાખીને રમવાનું.

**૨. રમત રમવા માટે**

- [ ] ધક્કામુક્કી કર્યા સિવાય શાંતિથી રમશો ને?
- [ ] સૌએ ધક્કામુક્કી કર્યા સિવાય શાંતિથી રમવાનું છે.
- [ ] આ શું ધક્કામુક્કી કરો છો? શાંતિથી રમો, નહિ તો બેસી જાવ.

**૩. ચૉકલેટ ખાવા માટે**

- [ ] આ શું આખો દિવસ ચૉકલેટ ખાધા કરે છે. હવે એક પણ ચૉકલેટ ખાવાની નથી.
- [ ] વધુ ચૉકલેટ ખાવી નહિ.
- [ ] બહુ ચૉકલેટ ખાવી જોઈએ નહિ. બોલો નહિ ખાવ ને!

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **ચાલો, ગાઈએ ગીતડું : વાત કહું ભૈ! વાત કહું...**

**જુદા પડતા શબ્દને ઘૂંટીને ઘાટો કરો.**


| | | | |
|---|---|---|---|
| ૧. | પાંખ, માળો, ચાંચ, પગ | ૨. | લીલો, લાલ, ચળકતો, પીળો |
| ૩. | આકાશ, પર્વત, બગીચો, દરિયો | ૪. | સરવાળો, બાદબાકી, અવયવ, ભાગાકાર |
| ૫. | ચંદ્ર, રાત્રી, સૂરજ, તારા | ૬. | મહેનત, કઠોર, પરિશ્રમ, ઉદ્યમ |
| ૭. | મગ, ચણા, ઘઉં, વટાણા | ૮. | ખેતર, વાડી, શેઢો, કૂવો |
| ૯. | ઉપર, બહાર, વધારે, નીચે | ૧૦. | દર, ડાળી, માળો, ઘર |

**હસો.**

શિક્ષક : અક્કલ બડી કે ભેંસ?

વિદ્યાર્થી : સર, પહેલાં બંનેની બર્થ ડેટ તો કહો.

**શબ્દપોટલીમાં શબ્દ ભરો.**




**લગભગ સરખા :**

**ઘેલું**-ગાંડું; **મહાસભા**-મોટી વિશાળ સભા; **વ્યવસ્થા**-બંદોબસ્ત, ગોઠવણ; **દરખાસ્ત**-મંજૂરી માટે રજૂ થતી સૂચના; **ગંભીર**-અહોભાવ ને માન ઉપજાવે તેવું; **અજાણ**-જાણનો અભાવ; **પ્રાચીન**-જૂનું; **માન**-આદર; **મત**-અભિપ્રાય; **ગરદન**-ડોકી; **ઓળખાણ**-પરિચય; **મૂળ**-અસલ; **ટાંગવું**-લટકાવવું; **ઝટ**-તરત; **બાહોશ**-ચાલાક; **શિકાર**-ગમ્મત, ખોરાક કે કસરત માટે પશુપંખીને મારવાં તે; **શિકારી**-શિકાર કરનાર; **ખાતરી**-ભરોસો; **પોકાર**-બૂમ; **ટોળું**-સમૂહ; **કોમ**-એક જ નામથી ઓળખાતો લોકસમૂહ;

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in